# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **અગિયાર દિવસ સુધી ચાલનારા અને સહેલાણીઓને આકર્ષનારા માંડવી બીચ ફેસ્ટિવલનો આરંભ.**
2. **હરિયાણાના શાર્પ્ શૂટરને કચ્છના રાપરથી ઝડપી લેવાયો.**
3. **વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા જન્મમરણના દાખલામાં સ્વઘોષણાપત્ર દ્વારા નાગરિકોને બીનજરૂરી ખર્ચમાંથી મુક્તિની પહેલ**
4. **આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થવાની આગાહી.**
5. **સંતોષ ટ્રોફી ફૂટબોલ મેચમાં ગુજરાતનો દાદરાનગર હવેલી અને દીવ સામે 5-0થી વિજય, રાજસ્થાન ક્વોલિફાઇ થયું.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MANDVAI BEATCH FESTIVAL

માંડવી બીચ ફેસ્ટિવલનો આરંભ થયો છે. સહેલાણીઓ માટે દરિયાઇ રમતો અને મનોરંજન આપતો અગિયાર દિવસ સુધી માંડવી બિચ ફેસ્ટિવલ યોજાશે.

કચ્છના માંડવી ખાતેના રમણીય દરિયાકાંઠે ગઇકાલે ગુજરાતના પ્રવાસન રાજ્યમંત્રી ડૉ.જયરામ ગામીતે "માંડવી બીચ ફેસ્ટિવલ"ને ખુલ્લો મુકતાં જણાવ્યું હતું કે, કચ્છમાં રણ ઉત્સવના આયોજન બાદ બીચ ફેસ્ટિવલ કચ્છના પ્રવાસન ક્ષેત્રને નવી દિશા આપશે.

પ્રવાસન રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામિત એ કચ્છના પ્રવાસનના વિકાસનો શ્રેય દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપીને જણાવ્યું હતું કે, આજે કચ્છ એ ઉદ્યોગ, પ્રવાસન અને કૃષિક્ષેત્રે અગ્રેસર બન્યું છે.

"કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા..." ઉક્તિ એ આજે ખરા અર્થમાં સાર્થકસાબિત થઈ છે.

---

# GUJARAT ATS ARREST

ગુજરાત ATSએ બાતમીના આધારે કચ્છના રાપરમાંથી હરિયાણાના નવીન બોક્સર ગેંગના શૂટર વિકાસ ઉર્ફે ગોલુ શ્યોરણની ધરપકડ કરી છે. વિકાસ નાગેશ્વર પાર્ક આર. ઓ પ્લાન્ટ કંપનીમાં પોતાના પરિચિતનેત્યાં રોકાયો હતો.ATS એ દિનેશ ગર્ગની પણ ધરપકડ કરી છે.

**ATSની પૂછપરછમાં સામે આવ્યું છે કે વિકાસે 4 સપ્ટેમ્બરે હરિયાણાના ભીવાની શહેરના કોર્ટ પરિસરમાં અજય તથા રોહિત સાથે મળીને લવજીત નામના વ્યક્તિની હત્યા કરી હતી.**

---

## GIR SOMNATH BIRTH CERTIFICATE

**વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાએ જન્મમરણના દાખલા માટે વિશેષ વ્યવસ્થા કરી છે.**

**નગરપાલિકાના સુપ્રિટેન્ડન્ટ દિગંત દવેએ જણાવ્યું હતું કે, જન્મમરણના દાખલામાં ચાર મહિનાથી સોગંદનામા લેવાની પ્રથા બંધ કરવામાં આવી છે અને લોકોને સહેલાઈથી જન્મમરણના દાખલા પ્રાપ્ત થાય તે માટે સ્વઘોષણાપત્ર સિસ્ટમ દાખલ કરવામાં આવી છે. જેથી લોકોને બીનજરૂરી ખર્ચમાંથી મુક્તિ મળી છે.**

**બાઇટ- દિગંત દવે, અધિક્ષક વેરાવળ-પાટણ સંયુક્ત નપા**

---

## ARVALLI -IRCMS PORTAL

**અરવલ્લી જિલ્લામાં રેવન્યુ વિભાગે iRCMS પોર્ટલ દ્વારા જિલ્લાની વિવિધ રેવન્યુ કોર્ટોમાં વર્ષોથી પડતર જમીન સંબંધિત કેસોનો માત્ર છ માસની સમયમર્યાદામાં નિકાલ કર્યો છે.**

**અરવલ્લી જિલ્લામાં કુલ 10 હજાર 197 જમીન સંબંધિત કેસોનો પારદર્શી નિકાલ કરવામાં આવ્યો છે. આ કેસોમાં પક્ષકારોને રૂબરૂ સાંભળીને નિર્ણયો લેવામાં**

આવ્યા. જેમાં મામલતદાર કચેરીઓની કોર્ટમાં 6 હજાર 70, પ્રાંત અધિકારી કચેરીઓમાં 3 હજાર 401 કેસોનો નિકાલ કરવામાં આવ્યો , આ ઉપરાંત કલેક્ટર કચેરીમાં 726 કેસોનો પણ નિકાલ થયો.

---

## G- RAMJI REATION AMRELI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિકાસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ વિકાસિત ભારત જી રામ જી બિલ, **2025** ને મંજૂરી આપી છે. આ અંગે અમરેલીના હિતેષ ખાત્રાણીએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

## બાઇટ- હિતેષ ખાત્રાણી, અમરેલી

---

## WEATHER

રાજ્યમાં ફરી એક વખત ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં આંશિક ઘટાડો નોંધાયો હતો. પરંતુ હવે ઉત્તર-પૂર્વીય પવનો ફૂંકાતાં ઠંડીના પ્રમાણમાં વધારો થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આગામી **23** ડિસેમ્બરથી રાજ્યમાં ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થવાની હવામાન વિભાગ વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ આગાહી કરી છે.

## બાઇટ- પ્રદિપ શર્મા, વૈજ્ઞાનિક , હવામાન વિભાગ

---

# SABARKANTHA DRON DIDI

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના વાડોઠ ગામની યુવતી ધ્રુવી ચૌધરી 'ડ્રોન દીદી' તરીકે વિશેષ ઓળખ પ્રસ્થાપિત કરી ચૂકી છે.

ખેડૂત પરિવારની આ દીકરી આજે સરકારી યોજનાના સહારે 12 લાખ રૂપિયાથી પણ વધુ કિંમતના અદ્યતન ડ્રોનની માલિક બની છે, જેના દ્વારા તે ખેતીમાં કલાકોનું કામ મિનિટોમાં પતાવી રહી છે.

સરકાર દ્વારા આ યોજના અંતર્ગત ધ્રુવીને 100 ટકા સબસિડી સાથે અદ્યતન ડ્રોન કીટ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી છે. સામાન્ય ખેડૂત પરિવારની દીકરી આજે હાઈ-ટેક કૃષિ સાધનોની માલિક બનીને આત્મનિર્ભર બની છે.

## બાઇટ- ધ્રુવી ચૌધરી, ડ્રોન દીદી, સાબરકાંઠા

---

# SURENDRANAGAR -FOOD FESTIVAL

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા 'ઝાલાવાડ ફૂડ ફેસ્ટિવલ 'નું આયોજન કરવામાં આવ્યું હતું.

હવા મહેલ ખાતે યોજાયેલ આ ત્રિદિવસીય મહોત્સવની અંદાજે 1 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી ,અને સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે વિવિધ ઝાલાવાડી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો.

---

# CYCLE YATRA

હિંદઆયનના ઉપક્રમે ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને ગુજરાતના રમતગમત સત્તામંડળના સહયોગથી અમદાવાદથી વડોદરા સેન્ચ્યુરી રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રાઈડમાં ફિટ ઈન્ડિયાના સન્ડેઓન સાયકલની પ્રથમ વર્ષગાંઠની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ સાયકલ યાત્રામાં સરહદ સલામતી દળના **10** સહિત કુલ **52** સાયકલ સવારોએ ભાગ લીધો છે.

અમદાવાદથી વડોદરા સુધીની **127** કિમીની રાઈડ પૂર્ણ કરનાર ગૃહિણી અર્ચના સૂર્યવંશીએ કહ્યું, તે એક સલામત સવારી અને અદ્ભુત અનુભવ હતો!

**બાઇટ- અર્ચના સૂર્યવંશી, સાયકલ યાત્રી**

---

# AMRELI LEOPARD ATTACK

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગોપાલગ્રામમાં દીપડાના હુમલામાં **5** વર્ષના બાળકનું મોત થયું છે.

ગોપાલગ્રામની વાડીમાં બાળક પર દીપડાએ હુમલો કરી લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બુમાબુમ થતાં દીપડાએ બાળકને છોડી દીધું હતું. ગંભીર ઇજાઓ થતાં બાળકને તાત્કાલિક ચલાલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું , જ્યાં તેનું મોત નીપજ્યું હતું.

ઘટનાને પગલે વનવિભાગ દ્વારા વિસ્તારમાં સ્કેનિંગની અને લોકેશન લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

---

## SANTOSH TROPHY

રાજસ્થાનના જયપુર ખાતે રમાઇ રહેલી સંતોષ ટ્રોફી ફૂટબોલ મેચમાં ગુજરાતનો દાદરાનગર હવેલી અને દિવ સામે 5-0 વિજય થયો હતો. જ્યારે મહારાષ્ટ્ર અને રાજસ્થાન વચ્ચેની મેચમાં રાજસ્થાને મહારાષ્ટ્રને 3-0થી હરાવ્યુ હતુ.. રાજસ્થાન ગૃપ આઇમાં ટોચ પર રહેતાં તે ક્વોલિફાઇ થયુ છે.

---